Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 22,(SURAT), DATE-20/11/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૨, (સુરત), તા.૨૦/૧૧/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વ્યારા ખાતે મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં તાપી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

3 જિલ્લા વિકાસ અધિકારી વી.એન.શાહના અધ્યક્ષપણા હેઠળ તાપી જિલ્લા સંકલન સમિતિની બેઠક સંપન્ન થઈ

4 શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી દ્વારા ૬૧૮ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું

## ભરૂચ અંકલેશ્વર ખાતે સ્વામીજી HPYM૨૦૨૫ યુવા મહોત્સવ તૈયારી અંતર્ગત સત્સંગ સભા યોજાઈ

# ધન દોલત નહી પણ આપણી સાચી મૂડી એ આપણા બાળકો છેઃ પ્રબોધજીવન સ્વામી







ભરૂચ- આવનાર પાંચ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ યોજાનાર ભવ્ય હરિપ્રબોધમ યુવા મહોત્સવના પડઘમો વાગી ગયા છે.

હરિપ્રબોધમ યુવા મહોત્સવની પૂર્વ તૈયારીના ભાગરૂપે હરિપ્રસાદ સ્વામીજીના ઉત્તરાધિકારી પ્રબોધજી વન સ્વામીજી દર્શન આપવા ભરૂચ-અંકલેશ્વર શહેરના મહેમાન બન્યા છે.જે સંદર્ભે આજ રોજ અંકલેશ્વર મુકામે સમાજના આગેવાનો, ડોક્ટર,એડવોકેટ્સ,બિલ્ડર્સ બિઝનેસમેન જેવા સમાજ સેવકો ની ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાનું આયોજન વિજયઅગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. સભામાં સં મૈત્રી સ્વામીજી, ગુરુપ્રસાદ સ્વામીજી તથા પ્રાદેશિક સંતવર્ય પૂજ્ય હરીશરણ સ્વામીજી, હરિતનય સ્વામીજી તથા હરિપ્રબોધમ પરિવાર ભરૂચના પ્રમુખ મિલંદ પટેલ હાજર રહ્યા હતા.

પ્રબોધજીવન સ્વામી એ યુવા મહોત્સવ ઉજવવા પાછળ નું મહત્વ સમજાવતા કહ્યું કે રૂપિયા, ધન, દોલત એ સાચી મૂડી નથી. આપની સાચી મૂડી એ આપણા બાળકો છે.એક પરિવાર આધ્યાત્મિક માર્ગે ચાલે તે માટે યુવા મહોત્સવ કરવામાં આવે છે. આજના સોશિયલ મીડિયાના જમાનામાં બાળકોને યોગ્ય સંસ્કાર મળે અને બાળકો ઘર, પરિવાર અને રાષ્ટ્રનું સન્માન વધારે તે હેતુથી યુવા મહોત્સવ કરવામાં આવે છે. સમાજ સંગઠીત થાય ,યુવાનો ધાર્મિક બને, બાળકો અભ્યાસુ બને એ જ હરી પ્રબોધમ પરિવારનું મિશન છે.

## યુવા પેઢી માટે રાજપૂત સમાજ ૨૪ મી એ ચિંતન શિબિર કરશે

### સમાજના ૪૦૦ થી વધુ યુવાનો શિબિરમાં જોડાશે

### શિબિરમાં આ વિષયો પર યુવાનોને જ્ઞાન અપાશે

અમદાવાદ- આંબાવાડીમાં ૨૪ નવેમ્બરે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા પ્રથમવાર રાજપૂત વંશ અને વારસો વિષય પર ચિંતન શિબિરનું આયોજન કરાયું છે. શિબિરમાં ૧૬ જિલ્લામાંથી હોદ્દેદારો, સમાજના અગ્રણીઓ અને અમદાવાદ જિલ્લાના યુવાનો જોડાશે.

સંઘનાપ્રદેશમહામંત્રી રૂપેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું કે, પહેલી વાર શહેરમાં ચિંતન શિબિર યોજાઈ રહી છે. શિબિરનો મુખ્ય હેતુ આવનારા - સમયમાં રાજપૂત સમાજની પરંપરા ૧ પહેલાંની જેમ સચવાઈ રહે અને - થોડા નફા માટે જમીનો વેચવા કાઢવી, ઓનલાઇન સટ્ટાનો નશો

* શિક્ષણની સાથે સંસ્કૃતિનું જ્ઞાન
* રાજપૂત યુવાનોનો આર્થિક, ઔદ્યોગિક અને રોજગાર
* રાજપૂત વંશ અને વારસો ટકાવી રાખવાની સાથે વારસામાં મળેલી જમીન ટકાવી રાખવી
* યુવાનોને વ્યસનોથી દૂર કઈ રીતે રાખી શકાય
* નવા ઈતિહાસનું નિર્માણ.

અને વ્યસનની સાથે અન્ય નશાથી દૂર રહેવા માટે યુવાનોને અગ્રણીઓ દ્વારા સમજણ પૂરી પાડીને શપથ લેવડાશે. શિબિરમાં ૪૦૦ થી વધુ યુવાનો જોડાશે.

## સેવા કેમ્પ ચા નાસ્તા વિસામાનું આયોજન કરી સેવા કરવામાં આવી





આંકલાવ તાલુકા ના આશરમા ગામ થી પદયાત્રી સંગ મીનાવાળા દશામાં ના મંદિરે જતો હતો તે આજ રોજ આણંદ જિલ્લા ના રાસનોલ ગામ વીસોદ માતાજી ના મંદિરે મેટર કિંગ બન્ના ગ્રુપ (આણંદ) ગુજરાત તરફથી સેવા કેમ્પ ચા નાસ્તા વિસામાનું આયોજન કરી સેવા કરવામાં આવી.

### ARTO બારડોલી ખાતે માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત

## તા. ૧૭-૧૧-૨૦૨૪ ના રવિવારે વિશ્વ સંભારણા દિવસ તરીકે મનાવવામાં આવ્યો

**બારડોલી-** તારીખ ૧૭-૧૧-૨૦૨૪ ના રોજ ARTO બારડોલી ખાતે માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૧૭-૧૧-૨૦૨૪ ના રવિવારે વિશ્વ સંભારણા દિવસ તરીકે મનાવવામાં આવ્યો.

ARTO ઓફિસ બારડોલી ખાતે IMV શ્રી ચિરાગ દલવાડી સર તથા AIMV શ્રી પ્રણવ પટેલ સર ની ઉપસ્થિતિમાં વિશ્વ સંભારણા દિવસ ઉજવવામાં આવ્યો.

IMV શ્રી ચિરાગ દલવાડી સર દ્વારા વેલક્મ સ્પીચ આપવામાં આવી. ઉપસ્થિત ઓફિસ સ્ટાફ તથા અન્ય લોકો કેન્ડલ પ્રગટાવવામાં આવી.








મિનિટ મૌન પાડવામાં આવ્યું. રોડ સેફ્ટી ટ્રેઈનર દિવ્યેશ ચૌધરી દ્વારા સૌને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.


સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ટુર્નામેન્ટ દરમિયાન વિશ્વ સંભારણા દિવસ વિશે વિશેષ સ્પીચ આપવામાં આવી. ટીમ વાનના માધ્યમ થી બારડોલી નગરમાં રોડ સેફ્ટી પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો.

## ડોલવણમાં તમાકુ વિરોધી કાયદા અંગે જાગૃતિ લાવવા ચેકિંગ ૪ દુકાનને દંડ



વ્યારા- નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત તાપી જિલ્લાનાં ડોલવણ ગામમાં સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ-૨૦૦૩ અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી, ડોલવણ દ્વારા ટાસ્કફોર્સની કામગીરી કરવામાં આવી આવી હતી. જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય વિભાગ-તાપીનાં કર્મચારી ભરતકુમાર ગામીત અને જિજ્ઞાસા ચૌધરી અને તાલુકા આરોગ્ય કચેરી-ડોલવણના સ્ટાફ જોડાયા હતા.

ટાસ્કફોર્સની કામગીરી દરમિયાન ટીમ દ્વારા ડોલવણ ખાતે તમાકુની બનાવટો વેચતા ૩૪ જેટલા દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાંથી કલમ-૫ નો ભંગ કરતા દુકાનદારો પાસેથી તમાકુની જાહેરાતનાં બોર્ડ ઉતારાવવામાં આવ્યા હતા અને ફક્ત ૪ જેટલા દુકાનદારોને -૨૦૦૩ ના કલમ ૬-અ ના ભંગ બદલ કુલ રૂ. ૬૫૦ નો દંડ સ્થળ પર કરવામાં આવ્યો હતો. બાકીના ૩૦ જેટલા દુકાનદારો તમાકુ નિયંત્રણ ધારા-૨૦૦૩નું પાલન કરતા જોવા મળ્યા હતા. ટાસ્કફોર્સ ટીમ દ્વારા જાહેરમાં ધુમ્રપાન કરવા તથા તમાકુ ખાઇને થુંકવા પર પ્રતિબંધની કલમ ૪ અને પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત ના કરી શકાય કલમ-૫, કાયદા મુજબ નિયત નમુનાના બોર્ડ લગાવવાની કલમ ૬-અ, તેમજ કલમ-૬-બ હેઠળ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુની બનાવટ વેચવા પર પ્રતિબંધ તથા તમાકુની તમામ બનાવટોના પેકેટની બન્ને તરફ ૮૫% ભાગમાં ચિત્રાત્મક આરોગ્ય ચેતવણી ઉપરાંત બીડી-સિગારેટનાં છૂટક વેચાણ ઉપર પ્રતિબંધની કલમ-૭ વિશે તમાકુની બનાવટો વેચતા દુકાનદારોને સમજ આપવામાં આવી હતી.તાલુકા આરોગ્ય કચેરી દ્વારા તમાકુ નિયંત્રણ ધારા બાબતે ડોલવણ ચાર રસ્તા પર કડક સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ-૨૦૦૩ની કામગીરી ખુબ સારી રીતે કરવામાં આવી રહી છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# વ્યારામાં ભારે અને મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

વ્યારા- વ્યારા નગરના જુના બસ સ્ટેન્ડથી મેઇન રોડબજાર થઇ જવાહર ચોકપોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઇ બેક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સમય દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં માલવાહક ભારે વાહનોનો પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેરજનતાને અવર-જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે.

જેને લઇ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર. આર. બોરડે જાહેરનામું બહાર પાડી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઇન રોડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધી અને જુના બસસ્ટેન્ડ થઇ બેક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૮.૦૦ કલાકથી સાંજે ૨૦.૦૦ કલાક સુધીના સમય દરમિયાન માલ વાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આવશ્યક સેવાના વાહનો, ઇમર્જન્સી સેવાઓ અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા વાહનોની અવર જવરને આ જાહેરનામું લાગુ પડશે નહિં. આ જાહેરનામું તા. ૦૮.૦૧.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

# જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી

## વ્યારા ખાતે મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં તાપી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો





તાપી (વ્યારા)- જન જાતિ ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના ઉપલક્ષમાં તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે પણ મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે દેશભરની સાથે ગુજરાત રાજયમાં પણ રંગે ચંગે ઉજવણી થઈ રહી છે. આજે તાપી જિલ્લાના વ્યારા ખાતે રાજય કક્ષાના વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ વ્યારાના ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ આજથી ૨૭ દિવસ સુધી શબરીધામથી અંબાજી સુધી ચાલનાર છે. આ દરમ્યાન લોક કલ્યાણની ૨૦ વર્ષની ગાથા અને આદિવાસી સંસ્કૃતિ અને વિરાસત, કળા કારીગરી, લોકલ ટુ ગ્લોબલ, ઉદ્યોગ સાહસિકો કારીગરોના કળાનું પ્રદર્શન જેવી વિવિધ પ્રવૃત્તિઓ આ દરમ્યાન કરાશે. આ દરમ્યાન જુદા જુદા સ્ટોલોનું નિરીક્ષણ અને વિકાસ રથનું પ્રસ્થાન મહાનુભવો દ્વારા કરી આ દિનને યાદગાર દિન બનાવાશે.

મંત્રી મુકેશ પટેલેએ જણાવ્યું હતું કે, રાજય સરકારે આદિવાસી સમુદાય તથા આદિમ જૂથના સર્વાંગી વિકાસની દરકાર લીધી છે. ત્યારે બહુલ આદિજાતિ વિસ્તાર ધરાવતા તાપી જિલ્લાના આદિવાસી બાંધવો તેમજ પીએમ જનમન અભિયાન હેઠળ આદિમજૂથોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે તાપી જિલ્લા વહીવટી તંત્રએ કમરકસી છે. વહીવટી તંત્રએ સરકારની વિવિધ સેવાઓ તથા યોજનાઓના લાભો છે. વાડાના લાભાર્થી સુધી પહોચતા કરીને આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારા સાથે જોડવાનું કાર્ય કર્યું છે.

# તાપી જિલ્લામાં બિનખેતીના ભાવો સુધારેલા દરે લેવા માટેનું જાહેરનામું



વ્યારા- રાજય સરકારના મહેસુલ વિભાગના ૨૦૨૦ થી અસરમાં આવેલા બિન ખેતી આકારના દરોમાં સુધારો કરવામાં આવેલો છે. તાપી જીલ્લામાં આવેલી સોનગઢ નગરપાલિકા અને વ્યારા નગરપાલિકા વિસ્તારના મહેસુલી ગામો અને સર્વે નંબરો બ્લોક નંબરો બી કેટેગરીના વિસ્તાર તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. તાપી જિલ્લાના આ સિવાયના તમામ વિસ્તારો સી કેટેગરીમાં સામેલ કરવામાં આવેલા છે. તા. ૦૧/૮/૨૦૨૦ થી અમલમાં આવે તે રીતે વાર્ષિક બિનખેતી આકારના દર ચોરસ મીટરે સુધારેલા દરો કલેકટરશ્રીના જાહેરનામાંથી રજૂ કરવામાં આવેલ છે.

આ જાહેરનામાં મુજબ એ કેટેગરીના વિસ્તારોમાં રહેણાંક, ધાર્મિક, સેવાકીય અને શૈક્ષણિક ઉપયોગ માટે ૩૦ પૈસા, ખાણકામ, ઈંટ ઉત્પાદન અને ઉદ્યોગો માટે ૪૫ પૈસા તેમજ વાણીજય અને અન્ય ઉપયોગ માટે ૬૫ પૈસા પ્રતિ ચોરસ મીટર પ્રમાણે રહેશે. બી કેટેગરીના વિસ્તારોમાં રહેણાંક, ધાર્મિક, સેવાકીય અને શૈક્ષણિક ઉપયોગ માટે ૨૦ પૈસા, ખાણકામ, ઈંટ ઉત્પાદન અને ઉદ્યોગો માટે ૩૦ પૈસા તેમજ વાણીજય અને અન્ય ઉપયોગ માટે ૩૫ પૈસા પ્રતિ ચોરસ મીટર પ્રમાણે રહેશે.

સી કેટેગરીના વિસ્તારોમાં રહેણાંક, ધાર્મિક, સેવાકીય અને શૈક્ષણિક ઉપયોગ માટે ૧૦ પૈસા, ખાણકામ, ઈંટ ઉત્પાદન અને ઉદ્યોગો માટે ૧૦ પૈસા તેમજ વાણીજય અને અન્ય ઉપયોગ માટે ૧૫ પૈસા પ્રતિ ચોરસ મીટર પ્રમાણે રહેશે.

# કલેકટરના હસ્તે નવી આઇસીયુ ઓન વ્હીલ અને ખિલખિલાટ એમ્બ્યુલન્સનું લોકાર્પણ, RTO ખાતે વિશ્વ અકસ્માત સંભારણાં દિવસે શ્રધ્ધાંજલિ અર્પી



સુરત- ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સેવાએ અત્યારના સમયમાં કોઈપણ નાગરિક માટે અજાણ્યું નામ નથી અને કોઈપણ મેડિકલ ઈમરજન્સીના સમયે લોકોને પહેલા ૧૦૮ એમ્બ્યુલન્સ જ યાદ આવે છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા આ સુવિધામાં વધારા માટે આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ નવી એમ્બ્યુલન્સ તથા ખિલખિલાટ ફાળવેલ છે. તેમાંથી સુરત જિલ્લામા ૧ નવીન અત્યાધુનિક સુવિધા અને ટેકનોલોજીથી સજ્જ ૧ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની એમ્બ્યુલન્સ તથા ખિલખીલાટ આપેલ છે.

આ નવી આપેલ એમ્બ્યુલન્સ તથા ખિલખિલાટ નું આજરોજ સુરત કલેક્ટર ઓફિસ ખાતે કલેક્ટર સૌરભ પારધી, ૧૦૮ પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર, એમ.એચ.યુ. ના પ્રોગ્રામ મેનેજર સંદીપ ગઢવી સહિતના ખિલખિલાટ ટીમની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી ને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડિસ્ટ્રીકટ ટ્રાફીક એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, સુરત દ્વારા 'વિશ્વ અકસ્માત સંભારણાં દિવસ-૨૦૨૪' કાર્યક્રમનું આયોજન આરટીઓ પાલ સુરત કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રોડ અકસ્માત માં સુરત શહેર અને ગ્રામ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં મૃત્યુ પામેલા ૨૭૩૦ લોકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. વિશ્વમાં દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે રોડ અકસ્માતમાં મરણ પામેલા લોકોને યાદ કરી તેઓના પરિવાર જનોનોને સાથે કેન્ડલ પ્રગટાવી ભાવભીની શ્રદ્ધાંજલી આપવામાં આવે છે. કાર્યક્રમની શરૂઆતમાં બ્રિજેશ વર્મા દ્વારા 'વિશ્વ અકસ્માત સંભારણાં દિવસ' નું મહત્વ ઉપસ્થિતિ સૌને સમજાવી રોડ સેફ્ટીની પ્રાર્થના થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યાર બાદ સદગત અકસ્માત માં મરણ પામેલા વ્યક્તિઓ માટે ૨ મિનિટ નું મૌન રાખવામાં આવેલ અને સાથે કેન્ડલ પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# વ્યારામાં ૧૫ દિવસીય યોગ શિબિરમાં નગરજનોનો ઉત્સાહભેર જોડાયા



વ્યારા- ગુજરાત રાજય યોગ બોર્ડ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયોજિત યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અંતર્ગત સિનિયર સિટીઝન ક્લબ વ્યારામાં ૧૫ દિવસીય યોગ શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ થી વધુમાં નાગરિકોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી યોગશિબરમાં ભાગીદાર બન્યા હતા. તાપી જિલ્લાના કોર્ડીનેટર જયોતિબેન અને વ્યારાના યોગ કોચ ઉમેશભાઈ દ્વારા મંચ સંચાલન કરવામાં આવ્યું હતુ જેમાં ડાયાબિટીસ માટેના આસન, પ્રાણાયામ, એક્યુપ્રેશર, આહાર, દિનચર્યા નો સમાવેશ કરવામાં આવ્યો હતો. અને યોગના પાઠ ભણાવાયા હતા.

# દેલવાડા ગામેથી વિશાળકાય ૯ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યૂ



બુહારી- તાપી જિલ્લાના વાલોડ તાલુકાના દેલવાડા ગામમાં આજે સવારે ૧૦:૦૦ વાગ્યાના સોમવારે ચેતનભાઇ પટેલના ખેતરમાં એક વિશાળકાય અજગર નજરે પડ્યો હતો . જેને પગલે ડરનો માહોલ સર્જાયો હતો અને આ અજગરને પકડવા માટે ખેડૂતે WCCBના ઇમરાન ભાઈ વૈદ્યને જાણ કરતા તાત્કાલિક અસરથી એમની ટીમના સદસ્યો નિલેશભાઈ રાઠોડ અને પરેશભાઈ પટેલ દ્વારા મહામુસિબતે આ વિશાળ કાય અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું . ખેડૂતના શેરડીના ખેતર નજીકથી અંદાજિત ૯ ફૂટ લાંબો અને ૧૫ કિલો વજન ધરાવતા વિશાળકાય અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું અને WCCBના ઇમરાનભાઈ વૈદ્ય અને વન વિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જંગલમાં છોડવા માટેની કવાયત હાથ કરવામાં આવી છે

# પ્રતિબંધિત સમયમાં શહેરમાં ફરતી ૨૯ લકઝરી બસો તેમજ ૭૬ ભારે વાહનો સામે એક્શન



સુરત- સુરત શહેર વિસ્તારમાં સુચારૂ ટ્રાફિક નિયમન તેમજ માર્ગ અકસ્માતોમાં ઘટાડો આવે તે માટે ટ્રાફિક શાખાના તમામ રીજીયન વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી પ્રતિબંધિત સમયમાં શહેર વિસ્તારમાં અવરજવર કરતી ૨૯ લક્ઝરી બસો તેમજ ૭૬ ભારદ્વારી વાહનો મળી કુલ્લે ૧૦૬ વાહન ચાલકો વિરુદ્ધ જાહેરનામાનો ભંગ કરવા બદલ ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી. બે આરોપીઓની ધરપકડ કરી ઉધના પોલીસે ATM માંથી પૈસા ઉપાડવા આવેલા લોકોને છેતરવાનો પ્રયાસ કરી રહેલા બે આરોપીઓની ધરપકડ કરી છે. ઉધના વિસ્તારમાં રામદેવ નગર સોસાયટી નજીક સ્થિત છે. આરોપીઓએ એટીએમ મશીન પર એલ્યુમિનિયમની પટ્ટી મૂકી હતી, જેથી લોકો પૈસા ઉપાડવા માટે એટીએમનો ઉપયોગ કરે અને તેમના પૈસા મશીનમાં અટવાઇ ન જાય, જેથી તેમના પૈસા કપાઈ જાય.આરોપી સૂરજ રાજારામ કાસુ અને દીપુ સોલા નાયક ની ધરપકડ કરી હતી સૂરજ ઉધનામાં પ્રભુનગર વિસ્તારનો રહેવાસી છે અને રિક્ષાચાલક છે.

# જે યુવાનોની ઉંમર ૧ જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતી હોય તેઓ મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે



ગાંધીનગર- મનપા અને જિલ્લાના જે યુવાનોએ ૧૮ વર્ષ આગામી તારીખ ૧લી, જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાનોનું મતદારયાદીમાં નામ નોંધણી કરાવવા જિલ્લા કલેક્ટરે યુવાનો સહિતને અપીલ કરી છે. ઉપરાંત જે મતદારોના નામ, સરનામું સહિતમાં ફેરફાર કરાવી શકે તે માટે તારીખ ૨૮મી, નવેમ્બર સુધી મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આથી દરેક વિસ્તારના બીએલઓનો સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ રવિવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં તારીખ ૨૮મી, નવેમ્બરના રોજ ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ઉપરાંત મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ આગામી તારીખ ૨૩મી, નવેમ્બર-૨૦૨૪ સુધી ચાલુ રાખવામાં આવનાર છે. તેમાં આગામી તારીખ ૧લી, જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાનોના નામ નોંધણી કરવાન કામગીરી કરવામાં આવનાર છે. જેમાં લાયકાત ધરાવનાર કોઇ વ્યક્તિનું મતદાર યાદીમાં નામ દાખલ કરવાનું બાકી હોય તો તેના માટે ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ પણ યોજવામાં આવનાર છે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં મનપા વિસ્તાર સહિત જિલ્લાની કોઇપણ વ્યક્તિ સરળતાથી પોતાના નામની નોંધણી કરાવી શકશે. મતદારયાદી સુધારણાની કામગીરીનો રવિવારથી પ્રારંભ થયો હોવાથી મનપા વિસ્તારની સરકારી શાળાઓમાં બીએલઓ દ્વારા કામગીરી કેવી રીતે કરવામાં આવે છે. ઉપરાંત મતદાર યાદીમાં નોંધણી કરનાર લોકોના અભિપ્રાય જાણવા માટે જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ અમુક સેન્ટરની મુલાકાત લીધી હતી.મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં તારીખ ૧લી, જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વ્યક્તિઓ પણ મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નબર-૬ ભરી શકશે.

# દારૂ સહિત કુલ રૂ. ૨૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો

બારડોલી- સુરત જિલ્લા એલસીબીની ટીમે બારડોલી ધુલિયા ચોકડી પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રકમાંથી રૂ. ૧૧.૫૧ લાખનો વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૨૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, એલસીબીની ટીમને બાતમી મળી હતી કે એક ટ્રકમાં વિદેશી દારૂ ભરીને બારડોલી તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ધુલિયા ચોકડી પાસે નાકાબંધી કરી હતી અને શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની ૭૮૬૦ બોટલ મળી આવી હતી. જેની કુલ કિંમત રૂ. ૧૧,૫૧,૭૬૦ હોવાનું પોલીસે જણાવ્યુ હતું. પોલીસે દારૂ ઉપરાંત દસ લાખની કિંમતની ટ્રક અને એક મોબાઇલ રૂ. ૫૦૦ તેમજ રોકડા રૂ. ૨૦૩૦, તાડપત્રી રૂ.૧૦૦૦ મળી કુલ ૨૧,૫૫,૨૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રક ચાલક જયંતિભાઈ દેવુભાઈ માતાસુરીયા (ઉ.વ.૨૮, ડોળીયા ગામ નવું પરુ, તા. સાયલા, જી. સુરેન્દ્ર નગર) ની ધરપકડ કરી છે અને ટ્રકનું પાયલોટિંગ કરી રહેલા હરેશભાઈ માનસિંગભાઈ માતાસુરીયા (રહે ચોરવીરા, તા. સાયલા, જી.સુરેન્દ્રનગર) ને વોન્ટેડ જાહેર કર્યો છે.

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### બીજાની ઈમ્પ્રેશન એટલે આપણું ડિપ્રેશન

ગીતાનો અંતિમ અધ્યાય એ સ્થિતિમાંથી બહાર આવવાની પ્રક્રિયાનો નિષ્કર્ષ છે. આ બધું જ પૂરું થવા છતાં કૃષ્ણ અંતે કહે છે કે, તને યોગ્ય લાગે એ કરજે. તે માત્ર એટલું જ કહેવા માગે છે કે, સ્વભાવ અને અભાવ અથવા તો એમ કહીએ કે ડિપ્રેશન કે ઈમ્પ્રેશન માત્ર પરિસ્થિતિજન્ય હોય છે. પરિસ્થિતિ બદલાય એટલે બધું બદલાવા લાગે છે.

વ્યક્તિ પોતાના જીવનમાં દરરોજ સંઘર્ષ કરતો હોય છે. નાની વ્યક્તિના નાના અને મોટી વ્યક્તિના મોટા સંઘર્ષ હોય છે. કોઈને ઘર ચલાવવા સંઘર્ષ કરવો પડે છે તો કોઈને ઘર ભરવા સંઘર્ષ કરવો પડે છે. જીવનની આ ગતિ ક્યારેય અટકવાની નથી. આ ગતિમાં આપણે જયારે જીવનમૂલ્યો અને આદર્શો જોડાય છે ત્યારે આપણો આદર્શ પ્રસ્થાપિત થાય છે. આ આદર્શ અથવા તો માનવ ધર્મ જ સાચો ધર્મ છે. આપણા ધર્મને પામવા જયારે નીકળીએ છીએ ત્યારે ઘણી વખત ડિપ્રેશન આવે છે અથવા તો પીડા થાય છે. તેનું કારણ એટલું જ છે કે, આપણે બીજા સાથે આપણી જાતની સરખામણી કરીએ છીએ.

આ સંદર્ભમાં મહાભારતના પ્રસંગો ઘણા પ્રેરણાદાયી છે. મહાભારત અને ભગવદ ગીતાને ધ્યાનથી વાંચીને જો વર્તમાન પરિપ્રેક્ષ્યમાં અમલમાં મૂકીએ તો પણ જીવનના અડધા સંઘર્ષનો આપોઆપ છેદ ઉડી જાય અને બાકીના અડધાનો ઉકેલ આપોઆપ આવી જાય. વાત એવી છે કે, મહાભારતનું યુદ્ધ શરૂ થાય છે ત્યારે બધી જ તૈયારીઓ થયા પછી યુદ્ધ મેદાનમાં પહોંચીને અર્જુનને ડિપ્રેશન આવે છે. ગાંડવધારી અર્જુન જેના રથના સારથી સ્વયં યોગેશ્વર કૃષ્ણ છે અને જેના રથ ઉપર હનુમાનજી બિરાજમાન છે છતાં તે ડિપ્રેશનમાં આવી જાય છે. આ વાતની જાણ કૃષ્ણને તો હોય જ છે પણ સાથે સાથે બે અન્ય લોકો પણ તે જાણી જાય છે. તેમાંથી એક હોય છે ધૃતરાષ્ટ્ર અને બીજો હોય છે સંજય. આ બે ઘટનાઓ સમાંતર બને છે, તેમનું એકબીજા સાથે મજબૂત કનેક્શન છે છતાં બંને ઘટનાઓ એટલી જ અલગ અને જુદી પડે છે.

પહેલી ઘટનાની વાત કરીએ તો અર્જુનને જે ડિપ્રેશન આવ્યું છે તે સામે રહેલી સેના જોઈને નથી આવ્યું. કૃષ્ણની સેના કૌરવોના પક્ષે હતી અને આ સેના જોઈને સામાન્ય રીતે તો ભલભલાનાં હાંજા ગગડી જાય પણ અર્જુનને તેનાથી રતીભર ફેર પડે તેમ નહોતો. અહીંયા ફેર એ પડયો હતો કે તેને ડિપ્રેશન આવ્યું હતું. એકાએક તેને યુદ્ધ કરવાની ઈચ્છા થતી નહોતી. આ કારણે કૃષ્ણએ ગીતા કહેવી પડી. તેમણે જે ગીતા કહી તેમાં સહજ ઉલ્લેખ કર્યો કે દોસ્ત તું ડિપ્રેશનમાં છું જ નહીં... તું તો બીજાની ઈમ્પ્રેશનમાં કેદ છું. તને સામે ઉભેલા લોકો સાથેના સંબંધો નડી રહ્યા છે. આ એ જ લોકો છે જે તારા મોટાભાઈ છે, કાકા છે, દાદા છે, મામા છે, મિત્ર છે અને બીજા ઘણા સંબંધે જોડાયેલા છે. તેમ છતાં તારે યુદ્ધ સુધી જવું પડયું કારણ કે તારે ધર્મના રસ્તે ચાલવું હતું. તેઓ અધર્મ કરે છે તે તું જાણતો હતો, તારા મનમાં તેમની જૂની ઈમ્પ્રેશન હતી તે બદલી અને ફરીથી નવી ઈમ્પ્રેશનમાં આવ્યો જેના કારણે તને ડિપ્રેશન આવ્યું છે જે ખોટું છે. એક વખત ઈમ્પ્રેશનમાંથી બહાર આવીને વાસ્તવિકતા જો આપોઆપ તારી બધા જ શંકાઓનું સમાધાન મળી જશે. ગીતાનો અંતિમ અધ્યાય એ સ્થિતિમાંથી બહાર આવવાની પ્રક્રિયાનો નિષ્કર્ષ છે. આ બધું જ પૂરું થવા છતાં કૃષ્ણ અંતે કહે છે કે, તને યોગ્ય લાગે એ કરજે. તે માત્ર એટલું જ કહેવા માગે છે કે, સ્વભાવ અને અભાવ અથવા તો એમ કહીએ કે ડિપ્રેશન કે ઈમ્પ્રેશન માત્ર પરિસ્થિતિજન્ય હોય છે. પરિસ્થિતિ બદલાય એટલે બધું બદલાવા લાગે છે. મહાભારતના યુદ્ધમાં બીજી ઘટના ત્યારે મહત્ત્વની બને છે જયારે અર્જુન અન્ય એક ડાયલેમામાં આવી જાય છે. કર્ણના રથનું પૈડું ફસાઈ જાય છે અને માધવ તેને કહે છે કે, કર્ણને હણી નાખ ત્યારે અર્જુન ના પાડે છે. અર્જુન કહે છે કે, માધવ આ ખોટું છે. યુદ્ધ શાની વિરુદ્ધ છે. યુદ્ધના નિયમો અને ક્ષત્રિય ધર્મને લજવે તેવું કામ છે. કૃષ્ણ ત્યારે યાદ કરાવે છે કે, આ વ્યક્તિએ તારી પત્નીને વેશ્યા કહી હતી. આ વ્યક્તિએ તારા મૃત પુત્રના માથે પગ મુકીને જયઘોષ કર્યો હતો અને આ બધું ન્યાયસંગત હતું. તેમાં સમાજના કયા નિયમોનું પાલન થયું હતું. તેમણે કહ્યું કે, સમાજે સ્થાપેલી સ્થિતિ અને ઈમ્પ્રેશનમાંથી બહાર આવીને વર્તમાન સ્થિતિમાં જે સાચું અને સારું છે તે કરવું જોઈએ. સમાજ જયારે પોતે ન્યાયસંગત ન રહ્યો હોય તો વ્યક્તિએ પણ પોતાના કર્મ દરમિયાન સમાજની જ ધારાને અનુસરીને આગળ વધવું જોઈએ.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## મહારાષ્ટ્રમાં યોજાનારી ચુંટણીમાં મતદાન કરવા માટે નોધાયેલા મતદારોને ગુજરાતમાં એક દિવસની સવેતન રજા અપાશે

**તાપી-** મહારાષ્ટ્રમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ આગામી તા.૨૦ નવે. ના રોજ યોજાનાર છે. મહારાષ્ટ્ર રાજયના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજયમાં રહેતા હોય અને ખાસ કરીને તાપી જિલ્લામાં વસતા હોય તેવા મહારાષ્ટ્ર રાજયના મતદારોને ચુંટણીના દિવસે એક દિવસની સવેતન રજા મળવા પાત્ર થશે.

ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટસ એક્ટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સરકારી બેંકો, રાજય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલવે, ટેલીફોન તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો વાણિજય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પીટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓએ ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પીક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ/શ્રમયોગીઓને તેમના વતનના રાજયમાં મતદાન કરવા જવા માટે મતદાનના દિવસે ખાસ સવેતન રજા આપવા શ્રમ



અધિકારી ડી.એસ.બલ્યા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## બલેશ્વર પાસે પતિ સાથે પગપાળા જઇ રહેલી મહિલાને વાહને અડફેટે લેતા મોત

પલસાણા- પલસાણા તાલુકાના બલેશ્વર ગામની સીમમાં અમદાવાદથી મુંબઈ જતાં નેશનલ હાઇવે નંબર ૪૮ પર રાવતખેતીયા મિલ પાસે પતિ સાથે ચાલતી જઇ રહેલી મહિલાને અજાણ્યા વાહને ટક્કર મારતા ગંભીર ઇજા થઈ હતી. સારવાર દરમ્યાન નવી સિવિલ હોસ્પિટલમાં તેનું મોત થયું હતું.ચલથાણનું દંપતી નોકરી પતાવી ઘરે પરત ફરી રહ્યું હતું ત્યારે ગોઝારો અકસ્માત નડ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર મૂળ બિહારના સમસ્તીપૂર જિલ્લાના હરિહરપુર ખેઢી ગામના અને હાલ પલસાણા તાલુકાના ચલથાણ ગામે ઉમરિયા સ્ટ્રીટમાં રહેતા અમિત રામઅવતાર મહતો (ઉ.વ.૩૫) પત્ની અને પાંચ સંતાનો સાથે રહે છે. અમિત લક્ષ્મીનારાયણ મિલમાં તેમજ તેની પત્ની પિંકીદેવી (ઉ.વ.૩૬) સૂચિત્રા મિલમાં કામ કરતી હતી. રવિવારના રોજ બંને પતિ પત્ની ઘરેથી નોકરી પર જવા માટે રિક્ષામાં ગયા હતા. તેઓ બલેશ્વર ગામે રાવત ખેડીયા મિલ પાસે રિક્ષામાંથી ઉતરી પગપાળા કાલાઘોડા જતાં હતા તે અમિત આગળ ચાલતો હતો અને તેની પત્ની પિંકી દેવી પાછળ ચાલી રહી હતી. તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પિંકી દેવીને ટક્કર મારતા તે નીચે પડી ગઈ હતી અને તેના બંને પગ પરથી વ્હીલ ફરી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેણીને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં સાંજે તેનું મોત નીપજયું હતું. પોલીસે આ અંગે અજાણ્યા




વાહન ચાલક વિરુદ્ધ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સોનગઢ તાલુકામાં ખાસ ઈ કેવાયસી કેમ્પનું આયોજન કરીને કુલ ૧૧૩૧ રેશનકાર્ડ ધારકોના E-Kyc ની કામગીરી કરાઈ

**તાપી-** તાપી જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગ અને જિલ્લા પુરવઠા અધિકારી શ્રી ના માર્ગદર્શન હેઠળ સોનગઢના ઇન્ચાર્જ મામલતદાર શ્રી સહદેવસિંહ વનાર તથા સોનગઢ નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ધર્મેશભાઈ ગોહિલ દ્વારા તા. ૧૬ મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ સોનગઢ નગરપાલિકા ખાતે સોનગઢ તાલુકાના ટી.એલ.ઈ. તથા ગ્રામપંચાયતના VCE ના સહયોગથી ખાસ E-Kyc કેમ્પ રાખી કુલ ૧૧૩૧ રેશનકાર્ડ ધારકોના E-Kyc ની કામગીરી કરવામાં આવી હતી.



હાલ રેશનકાર્ડ ધારકોની ખરાઈ બાબતે E-Kyc કરવા ફરજીયાત હોય ઇન્ચાર્જ મામલતદારશ્રી દ્વારા સોનગઢ તાલુકાના તમામ રેશનકાર્ડ ધારકો જેઓનો રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા અંતર્ગત સમાવેશ થતો હોય કે ન થતો હોય પરંતુ રેશનકાર્ડ ધરાવતા હોય તો E-Kyc કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે E-Kyc નીચે મુજબ ૪ (ચાર) રીતે કરી શકાય છે. ઘરબેઠા "My Ration" મોબાઇલ એપ્લિકેશનથી કુટુંબના તમામ સભ્યોનું E-Kyc થઈ શકે છે. ગ્રામ્ય સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં VCE મારફત ગ્રામ્ય સ્તરે, રેશનકાર્ડ ધારકની સસ્તા અનાજની દુકાને જઈને સસ્તા અનાજની દુકાનના સંચાલક મારફત PDS Plus એપ્લિકેશન દ્વારા તેમજ તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરીમાં રૂબરૂ જઈને કરી શકાય છે. આમ, ઉક્ત કોઇપણ રીતે E-Kyc પૂર્ણ કરવા તમામ નાગરીકોને તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉછીના રૂપિયા ન ચૂકવી શકાતા આધેડે ઝેર પીધુ

આંબોલી- કામરેજના નનસાડ ખાતે રહેતા આધેડે ઉછીના લીધેલી બાદની બાકીની રકમ પરત નહીં થતા મહિના અગાઉ ઝેરી દવા પી લેતા સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા.જયા સારવાર દરમ્યાન રવિવારે તેમનું મોત નીપજયું હતું. આ અંગે પોલીસે .રિયાદ લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

કામરેજના નનસાડ ખાતે આવેલ નીલકંઠ પેલેસ ઘર નંબર બી/૫૦૨ ખાતે પરિવાર સહ રહેતા ૫૬ વર્ષીય મનસુખ રણછોડભાઈ રાઠોડ પાસોદરા ચોકડી નજીક આવેલા જીયો પેટ્રોલ પંપ પાસે ચામુંડા બોડી વર્કસ નામની દુકાન ચલાવતા હતા. બે એક વર્ષ અગાઉ મનસુખભાઈએ તેમની નવી દુકાનના કામ અર્થે લસકાણા ખાતેના લક્ષ્મણભાઈ રબારી નામના વ્યક્તિ પાસે ૫૦ હજાર ઉછીના લીધા હતા. જેમાંથી ૨૫ હજાર પરત કર્યા બાદ બાકીની ૨૫ હજારની રકમ સમય મર્યાદામાં ચૂકવી નહી શકતા તેઓ સતત ચિંતામાં રહેતા હતા. જેને લઈ ગત ૨૫/૧૦/ ૨૪ના ત્રણેક દિવસ અગાઉ તેઓ દુકાનેથી ઘરે પણ પરત ગયા ના હતા.

૨૫/૧૦/૨૪ ના મનસુખભાઈએ તેમના જમાઈ સંજય લલ્લુભાઈ પરમારને ફોન કરી પોતે ચહેર માતા મંદિરથી વાવ વાળા રોડ પર ઝેરી દવા પી લીધી હોવાની વાત કરી હતી. ઘટનાને પગલે પુત્ર હર્ષ સહિત બનેવી સંજય સ્થળ પર પહોંચી જઈ જાણ કરતા સ્થળ પર આવેલી ૧૦૮ મારફતે તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા.જયાં સારવાર દરમ્યાન તેમનું રવિવારે મોત નીપજયું હતું. ઘટનાને પગલે મૃતકના પત્ની મધુબેને કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ટ્રકમાં લઇ જવાતો રૂ. ૧૧.૫૧ લાખનો વિદેશી દારૂ બારડોલી પાસેથી ઝડપી પાડ્યો; ટ્રકચાલકની ધરપકડ

બારડોલી- સુરત ગ્રામ્ય જિલ્લા એલસીબી પોલીસે ને.હા. નં. ૫૩ ઉપરથી ટ્રકમાં લઇ જવાતો ટ્રકમાંથી રૂ. ૧૧.૫૧ લાખની કિંમતનો દારૂનો જત્થો ઝડપી પાડ્યો હતો. આ ઘટનામાં પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત ગ્રામ્ય જિલ્લા કઈઇ પોલીસની ટીમે બારડોલીની સીમમાં નેશનલ હાઈવે નં. ૫૩ ઉપર આવેલા સર્વિસ રોડ પાસે નાકાબંધી કરી એક ટ્રક ઝડપી પાડ્યો હતો. ટ્રકમાં તપાસ કરતા તેમાંથી રૂ. ૧૧,૫૧,૭૬૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જત્થો મળી આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે ટ્રક ચાલક જયંતીભાઈ દેવુભાઇ માતાસુરીયા ઉ.૨૮ ને ઝડપી પાડ્યો હતો.



પોલીસે ૧૧,૫૧,૭૬૦ રૂપિયાની કિંમતનો દારૂનો જત્થો, ૧૦ લાખની કિંમતનો ટ્રક, મોબાઈલ ફોન, અને રોકડા રૂપિયા ૨૦૩૦ મળી કુલ ૨૧,૫૫,૨૯૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો. તેમજ વિદેશી દારૂનો જત્થો ભરાવી મંગાવનાર તથા વિદેશી દારૂ ભરેલા ટ્રકનું ફોરવ્હીલ ગાડીથી પાયલોટીંગ કરનાર હરેશભાઈ માનસિંગભાઈ માતાસુરીયાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ અર્થે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપાયો છે.

## જિલ્લા વિકાસ અધિકારી વી.એન.શાહના અધ્યક્ષપણા હેઠળ તાપી જિલ્લા સંકલન સમિતિની બેઠક સંપન્ન થઈ

**તાપી-**તાપી જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેકટર કચેરીના સભાખંડ, વ્યારા ખાતે આજરોજ જિલ્લા વિકાસ અધિકારી વી.એન. શાહના અધ્યક્ષપણા હેઠળ તથા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીએ સરકારી લેણાની બાકી વસુલાત સમયસર કરવા સહિતની વિવિધ કામગીરી સમયસર, ઝડપી અને સુચારું ઉકેલ લાવવા અનુરોધ કર્યો હતો.



તાપી સંકલન સમિતિની બેઠકમાં નિવૃત્ત થનાર કર્મચારીઓના પ્રોવિઝનલ પેન્શન મંજુર કરવાની સાથે સાથે કચેરીમાં રહેલા પડતર કાગળો, ખાતાકિય તપાસ, એજી ઓડીટ બાકી પેરા, આગામી બે વર્ષમાં નિવૃત થનાર સરકારી કર્મચારીઓના પેન્શનના કેસો અંગે પણ તપાસ કરી તેની યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. આ સાથે સાંસદ/ધારાસભ્ય તરફથી મળેલ સંદર્ભ પત્રો, જેવા મુદ્દાઓની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. સંકલન બેઠકના અધ્યક્ષશ્રી જણાવ્યું હતું કે કોઈપણ કચેરીમાં કચેરી કક્ષાએ કોઈ કામ પેન્ડિંગ ન રહે તે અંગે કાળજી લેવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત જએ સરકારી લેણાની વસૂલાત ન થતી હોય ત્યાં બોજો નાખવા માટેની શરૂઆત કરવા સૂચના આપી હતી.

અધિક નિવાસી કલેકટરશ્રીએ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતાના ઈ કેવાયસી કરાવવા જોઈએ તે બાબતે ટકોર કરી હતી. સંકલન સમિતિની આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર આર. આર બોરડ, વ્યારા પ્રાંત અધિકારી, નિઝર પ્રાંત અધિકારીશ્રી જયકુમાર રાવલ તથા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# રાજ્ય સરકારે છેવાડાના માનવીને પ્રાથમિક અને માળખાકીય સુવિધા પહોંચાડવાની અસરકારક કામગીરી કરી છે - આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ

**તાપી -** સોનગઢ તાલુકાના ઘજાંબા ખાતે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ 'કિસાન પથ યોજના વર્ષ ૨૦૨૩-૨૪' અંતર્ગત રૂ. ૪૨૧.૮૫ લાખના ખર્ચે આમલીપાડા, ઉખલદા, ઘજાંબા, વેલઝરને જોડતા નિર્માણાધિન પાકા રસ્તાનું ખાતમુહૂર્ત કરીને પ્રજાજનોને ભેટ આપતા જણાવ્યું કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે છેવાડાના માનવીને પ્રાથમિક અને માળખાકીય સુવિધા પહોંચાડવાની અસરકારક કામગીરી કરી છે. રાજ્ય સરકારે હરહંમેશ





પ્રજાની ચિંતા કરી છે.

મંત્રીશ્રી હળપતિએ ઉમેર્યું કે, ગરીબ-મધ્યમવર્ગીય કુટુંબ, યુવાનો, મહિલાઓ તેમજ ખેડૂતોની સુખાકારી અને સમૃદ્ધિ માટે ચૂંટાયેલા જન પ્રતિનિધિઓની ભૂમિકા ખૂબ જ મહત્વની હોય છે. વધુમાં મંત્રીશ્રીએ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તેમજ નાગરિકોને વધુમાં વધુ બહેતર સુવિધા ઉપલબ્ધ કરાવવાની સુદ્રઢ પ્રતિબદ્ધતા દાખવી હતી.

ઉલ્લેખનીય છે કે, નવીન પાકો રસ્તો તૈયાર થયા બાદ અંદાજિત ૨૪ હજાર જેટલા ગ્રામજનોને આ રસ્તાનો લાભ મળશે. શાળા-કોલેજોએ જતા વિદ્યાર્થીઓ, ખેતપેદાશો માટે અવરજવર કરતાં તથા રોજિંદા નોકરી-ધંધાર્થે જતા લોકોને તેમજ એમ્બ્યુલન્સ સુવિધા માટે આ રસ્તો ખૂબ જ લાભદાયી નિવડશે. પાકા રસ્તાની ભેટ તથા વિકાસલક્ષી કાર્યો બદલ ગ્રામજનોએ સરકારશ્રી તથા મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. તાપી જિલ્લા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) અંતર્ગત તૈયાર થનાર આ નવીન ડામર રોડથી દુમદા, આમલીપાડા, કેલાઈ, ઝાડપાટ, ઉખલદા, ઘજાંબા, વેલઝર, સીસોર, ધાસીયા મેઢા, પાંચ પીપળા, વાઝરડા, વાઘનેરા, વેકુર, જમાપુરના ગ્રામજનોને અવર-જવર માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી દ્વારા ૬૧૮ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું

**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૫/૧૧/૨૪ ને શુક્રવારના રોજ ૬૧૮ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે ની:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન ( નારાયણ સેવા ) શ્રી છોટુભાઈ નાથુભાઈ પટેલ, હરિપુરા, તા. બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.





શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

# બોગસ ડોક્ટરોએ શરૂ કરેલી બોગસ હોસ્પિટલ એક જ દિવસમાં સીલ કરાઇ

## દારૂના કેસમાં સંડોવાયેલા સંચાલકે નકલી ડોક્ટરો સાથે મળી હોસ્પિટલ ખોલી

**સુરત-** સુરત પોલીસે અગાઉ ઊંટવૈદ્ય સામે કાર્યવાહી કરી હતી, હવે તેણે જ સુરતના પાંડેસરા વિસ્તારમાં જનસેવા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરી હતી અને રવિવારે તેનું ઉદ્ઘાટન કર્યું હતું. જર્જરિત થિયેટરને ૧૫ દિવસમાં તોડીને મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવવામાં આવી હતી. તેમાં એક પણ અગ્નિશામક ઉપકરણ લગાવવામાં આવ્યું ન હતું અને જે ફાયર સિસ્ટમ હતી તે પણ બંધ હાલતમાં હતી.




તેના કારણે એક દિવસ અગાઉ ખોલવામાં આવેલી હોસ્પિટલને ૨૪ કલાકમાં સીલ કરી દેવામાં આવી છે. સંચાલકે ઉદ્ઘાટન માટેનું આમંત્રણ પત્ર તૈયાર કર્યું હતું અને સુરત સિટી સીપી અને ક્રાઈમ જેસીપીના નામ પણ તેમની જાણ વગર આમંત્રણ પત્રમાં છપાવી લીધા હતા. વર્ષ ૨૦૨૨માં ડીગ્રી વગર પ્રેક્ટિસ કરવા અને દારૂ સાથે ઝડપાઈ જવા બદલ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લઈ પાંડેસરા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. હોસ્પિટલ શરૂ કરતા પહેલા જિલ્લા અધિકારીને પણ લેખિતમાં જાણ કરવામાં આવી ન હતી કે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું ન હતું.

તેથી હવે નિયમાનુસાર એક ટીમ બનાવી હોસ્પિટલની મુલાકાત લઈ દંડની કાર્યવાહી કરવામાં આવશે. જો નિયમો અને વલણ મુજબ સ્ટાફ નહીં મળે તો ફરીયાદ સહિત સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. હાલ પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લીધા છે અને ૨૪ કલાકમાં જ વિસ્ફોટક વિસ્ફોટ થતાં હોસ્પિટલને તાળાં મારી દેવામાં આવ્યા છે.

હોસ્પિટલમાં એક પણ અગ્નિશામક ઉપકરણ લગાવવામાં આવ્યું ન હતું. ઘટના બાદ ફાયર બ્રિગેડની ટીમ હોસ્પિટલ પહોંચી હતી અને તપાસ કરતાં હોસ્પિટલમાં લગાવેલી ફાયર સિસ્ટમ પણ બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. ખાસ વાત એ છે કે ગઈકાલે જ હોસ્પિટલનું ઉદ્ઘાટન થયું હતું અને ફાયર સિસ્ટમ બંધ હાલતમાં મળી આવી હતી, આથી ફાયર વિભાગે હોસ્પિટલને સીલ કરવાની કામગીરી હાથ ધરી હતી.

# કીમ ચારરસ્તા પાસે સુરતથી સૌરાષ્ટ્ર જઈ રહેલી લક્ઝરી બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ સીધી ડીવાઈડર પર ચડી ગઈ



બારડોલી- સુરત જિલ્લાના કીમ ચારરસ્તા પાસે એક લક્ઝરી બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા લક્ઝરી બસ સીધી નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર ચડી ગઈ હતી. જેને લઇને લક્ઝરી બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. કોઈ જાનહાનિ ન થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાલોદ ગામની હદમાં કીમ ચારરસ્તા પાસે પસાર થતા નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર ગત મોડી રાત્રે એક લક્ઝરી બસ ચડી ગઈ હતી. લક્ઝરી બસનો ચાલક કીમ ચારરસ્તા ઓવરબ્રિજ ઉતરી રહ્યો હતો તે દરમિયાન અચાનક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ બસ સીધી સર્વિસ રોડના ડીવાઈડર પર ચડી ગઈ હતી. જેને લઇને લક્ઝરી બસમાં સવાર મુસાફરોનો જીવ તાળવે ચોંટી ગયો હતો. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઇ ગયા હતા. આ બસ સુરતથી સૌરાષ્ટ્ર જઈ રહી હોવાનું હાજર સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. બનેલ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે કીમ ચાર રસ્તાના ઓવરબ્રિજ ઉતરતા પેસેન્જર બેસાડવાની લહાયમાં ઘણી લક્ઝરી બસો ઊભી રહે છે. જેને લઇને અન્ય વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે.

# ડિગ્રી વગર એલોપેથિક દવા રાખીને ક્લિનિક ચલાવતા કાકા-ભત્રીજો ઝડપાયા

**અમદાવાદ-** અમદાવાદ શહેરના મેમનગર વાળીનાથ ચોક પાસેના ગોપાલનગરમાં પોલીસે બાતમીના આધારે રેડ પાડી નકલી ડોક્ટર અને કમ્પાઉન્ડરને ઝડપી લીધા છે. આરોપી કાકા-ભત્રીજા દુકાન ભાડે રાખીને એલોપેથિક દવા રાખતા હતા. કોઈપણ લાઈસન્સ અને ડિગ્રી વિના દવાખાનું ચલાવતા હતા. આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસને કંટ્રોલ રૂમ તરફથી મેસેજ મળ્યો હતો કે મેમનગર ગોપાલનગર ખાતે રોહીદાસનું દવાખાનું નકલી છે.

ગુજરાત યુનિવર્સિટી પોલીસે અર્બન હેલ્થ સેન્ટરમાં જઈને ડોક્ટરને લેખિત યાદી આપી હતી. ડોક્ટરની ટીમ, મ્યુનિ. ની હેલ્થ વિભાગની ટીમ સાથે પોલીસે જઈને મેમનગર વાળીનાથમાં દુકાનમાં તપાસ કરી હતી. ત્યાં મની ક્લિનિક લખેલી દુકાનમાંથી એલોપેથિક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે રૂહિદાસ ઢાલી નામનો ૨૮ વર્ષનો યુવક પણ મળી આવ્યો હતો.

રૂહિદાસની પૂછપરછ કરતા તે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી છે અને કેટલાક સમયથી દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવીને લોકોને દવા આપતો હોવાનું સામે આવ્યું હતું.

દર્દીઓને દવા આપવા માટે કોઈ માન્ય સર્ટિફિકેટ ન હોવાથી પોલીસે ૪૨ હજારની મતાની દવાઓ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે વધુ તપાસ કરતા આરોપી રૂહિદાસ ઢાલી તેના કાકા લીટોન બીસ્વાસને પણ સાથે રાખીને કામ કરતો હોવાનું સામે આવ્યુ હતું.




જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

# મહારાષ્ટ્રમાં યોજાનારી ચૂંટણીમાં મતદાન કરવા મતદારોને સવેતન રજા

વ્યારા- મહારાષ્ટ્રમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ આગામી તા. ૨૦ નવે. ના રોજ યોજાનાર છે. મહારાષ્ટ્ર રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય અને ખાસ કરીને તાપી જિલ્લામાં વસતા હોય તેવા મહારાષ્ટ્ર રાજ્યના મતદારોને ચૂંટણીના દિવસે એક દિવસની સવેતન રજા મળવા પાત્ર થશે.

ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટસ એક્ટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સરકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલવે, ટેલીફોન તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પીટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ, કચેરીઓએ ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પીક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ, શ્રમયોગીઓને તેમના વતનના રાજ્યમાં મતદાન કરવા જવા માટે મતદાનના દિવસે ખાસ સવેતન રજા આપવા શ્રમ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું

Mo-9727410292 Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ઘામળોદ રોડ, બારડોલી

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).